મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૫-૦૫-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવશે

# પીએમ નરેન્દ્ર મોદી ૫૩ હજાર કરોડથી વધુનાં વિકાસકામોની લોકોને આપશે ભેટ

# કંડલા પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર પ્લાન્ટ્સ અને માર્ગ મકાનના વિકાસકાર્યો સામેલ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતે આવશે. ૨૬ અને ૨૭ મે, ૨૦૨૫ દરમિયાન તેઓ ગુજરાતમાં દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રવાસ દરમિયાન ૨૬ તારીખે ભુજમાં વડાપ્રધાનના હસ્તે ૫૩,૪૧૪ કરોડના ખર્ચે ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

ભુજમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ,પાવરગ્રીડ તેમજ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના કુલ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

### લોકાર્પણ થનારા વિકાસકાર્યો

● જામનગરમાં ૨૨૦/૬૬ કે.વી. બાબરઝર સબસ્ટેશન ● જામનગરમાં ૧૩૨/૬૬ કે.વી. કાનસુમરા સબસ્ટેશન ● અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથમાં ૬૬ કે.વી. HTLS ટ્રાન્સમિશન લાઇનો ● મોરબીમાં ૧૧ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ – જાંબુડિયા વિડી ● કચ્છ જિલ્લાના મંજલમાં ૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ ● કચ્છ જિલ્લાના લાકડિયા ખાતે ૩૫ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ ● જામનગર જિલ્લાના બાબરઝરમાં ૨૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ ● કચ્છમાં લાયજા-બાડા-માપર-મોડકુબા-લઠેડી-સાંધાણ-સુથરી રોડનું વિસ્તરણ અને મજબૂતીકરણ. ● ભિરંડીયારા-હોડકો-ધોરડો ટેન્ટ સિટી માર્ગનું વિસ્તરણ અને મજબૂતીકરણ ● બનાસકાંઠા-સંખારી પ્રોજેક્ટ – ATC વધારવા માટે ટ્રાન્સમિશન નેટવર્ક વિસ્તાર ● કંડલા ખાતે ઓઇલ જેટી નં. ૮ ● કંડલામાં કાર્ગો જેટી વિસ્તારમાં ડોમ અને ટ્રાન્ઝિટ સ્ટોરેજ ગોડાઉન્સ ● અદિપુરથી કાર્ગો બર્થ ૧૬ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૧ સુધી માટે વધારાની રોડ કનેક્ટિવિટી ● કંડલામાં EXIM કાર્ગોના સ્ટોરેજ માટે પોર્ટ વિસ્તારનું વિસ્તરણ ● ટ્યુના-ટેકરા ખાતે કન્ટેનર ટર્મિનલ માટે કોમન કનેક્ટિવિટી ● ગોપાલપુરીની પોર્ટ કોલોનીમાં ડી ટાઇપ ક્વાર્ટર્સ ● ગાંધીધામની ડી.પી.એ. પ્રશાસનિક કચેરીમાં સેંટર ઓફ એક્સલન્સ ● માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારનો વિકાસ અને સુવિધાઓ




### ખાતમુહૂર્ત થનારા વિકાસકાર્યો

● ખાવડા નવનિર્મિત રિન્યુએબલ એનર્જી ઝોનમાંથી વીજ પુરવઠા માટે ·૮૦૦ કે.વી. HVDC પ્રોજેક્ટ ● ખાવડા રીન્યુએબલ પાર્કમાંથી વધારાની 7 GW વીજ પુરવઠા માટે ટ્રાન્સમિશન સિસ્ટમ ● કચ્છઃ ૪૦૦/૨૨૦ કે.વી. મેવાસા સબસ્ટેશન ● અમદાવાદઃ ૪૦૦/૨૨૦ કે.વી. ધોલેરા-૨ સબસ્ટેશન ● તાપી : ૮૦૦ મેગાવોટ અલ્ટ્રા સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ, ઉકાઈ ● તાપીઃ ઉકાઈ ખાતે કોલ હેન્ડલિંગ પ્લાન્ટ માટે નવા માર્શલિંગ યાર્ડનું રીમોડેલિંગ ● મહિસાગરઃ કડાણા હાઈડ્રો ઇલેક્ટ્રિક પ્લાન્ટના ૬૦ મેગાવોટ યુનિટ માટે પમ્પ મોડ ઓપરેશન ● કચ્છના ગાંધીધામ શહેરમાં વાવાઝોડા પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક ● કચ્છમાં પાલાસવા-ભીમસર-હમીરપુર-ફતેગઢ સીસી રોડ નિર્માણ ● કચ્છમાં કોટડા-બિટ્ટા રોડનું મજબૂતીકરણ ● ભુજથી નખત્રાણા સુધી ચાર લેન હાઇ સ્પીડ કોરિડોર ● કચ્છના અબડાસામાં ગ્રુપ ઇમ્પ્રુવમેન્ટ વોટર સપ્લાય યોજના ● કંડલા ખાતે ૧૦ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ ● કંડલા પોર્ટ ખાતે હાયપરલૂપ પોડ ટેક્નોલોજી ● કંડલામાં ૩ રોડ ઓવર બ્રિજ (ROB) નું નિર્માણ અને ૬ લેન માર્ગોમાં સુધારો ● ધોળાવીરા ખાતે પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ

આ વિકાસકાર્યોથી કચ્છ અને રાજ્યના અન્ય જિલ્લાઓની વિકાસયાત્રાને વધુ વેગ મળશે અને વડાપ્રધાનના વિકસિત અને આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત વધુ મજબૂતીથી આગળ વધશે.

## મકાનની ૧૪ ફુટની કોમન કાચી દિવાલ અચાનક ધસી પડતાં ૬ લોકો દટાયા હતા

# વિજાપુરના સુંદરપુરમાં સર્જાયેલી દુર્ઘટનામાં કોન્ટ્રાકટર સહિત અન્ય વ્યકિતઓ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

વિજાપુર તાલુકાના સુંદરપુર ગામમાં શુક્રવારે સવારે ૧૧:૩૦ વાગ્યે એક દુર્ઘટના સર્જાઈ હતી. નવા બની રહેલા મકાનની ૧૪ ફૂટની કોમન કાચી દીવાલ અચાનક ધસી પડી હતી.

આ હાદસામાં ચણતર કામ કરી રહેલા શ્રમિકો અને કોન્ટ્રાક્ટર સહિત છ લોકો દટાયા હતા.

દુર્ઘટનામાં ત્રણ શ્રમિકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતકોમાં જૂના ફુદેડા ગામના બે અને દાહોદના લીમડી ગામના એક શ્રમિકનો સમાવેશ થાય છે. કોન્ટ્રાક્ટર હરેશ પટેલ સહિત ત્રણ ઘાયલોને વધુ સારવાર માટે





અમદાવાદ રીફર કરવામાં આવ્યાં હતા.

અતુલભાઈ શીખાભાઈ પટેલના નવા મકાનનું બાંધકામ ફુદેડા ગામના કોન્ટ્રાક્ટર હરેશભાઈ પટેલને સોંપવામાં આવ્યું હતું. એક મજૂરની ૧૬ વર્ષની દીકરી સામાન્ય રીતે દટાઈ હોવાથી જાતે જ બહાર નીકળી ગઈ હતી. સ્થાનિક યુવાનોએ તુરંત બચાવ કામગીરી શરૂ કરી હતી. ગ્રામ પંચાયતે JCBની મદદથી કાટમાળમાં દટાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.

મૃતકોના સ્વજનોએ માટીનું મકાન હોવા છતાં કામ કરાવવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી. લાડોલ પોલીસે કોન્ટ્રાક્ટર હરેશ પટેલ સહિત સંબંધિત વ્યક્તિઓ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## મહેસાણા જિલ્લાના ૧૨ ડેપોમાંથી ૫૦૦ બસો ફાળવવામાં આવી

# લોકલ બસ સેવા બંધ રહેવાથી ગ્રામ્ય વિસ્તારના મુસાફરોએ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી મેના રોજ ગુજરાતના ત્રણ શહેરોની મુલાકાતે આવી રહ્યા છે. તેમના કાર્યક્રમો માટે રાજ્યના ૧૬ એસટી વિભાગમાંથી કુલ ૩૬૦૦ બસો ફાળવવામાં આવી છે.

ભુજ ખાતેના કાર્યક્રમ માટે ૧૩૦૦ બસો ફાળવવામાં આવી છે. દાહોદ ખાતેના કાર્યક્રમ માટે મહેસાણા વિભાગના ૧૨ ડેપોમાંથી ૫૦૦ બસો સહિત કુલ ૨૦૦૦ બસો ફાળવાઈ છે. વડોદરા ખાતેના કાર્યક્રમ માટે ૩૦૦ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

મહેસાણા એસટી ડિવિઝનના પાટણ, ચાણસ્મા, હારીજ, કડી, કલોલ, ખેરાલુ, મહેસાણા, બેચરાજી, ઊંઝા, વડનગર, વિજાપુર અને



વિસનગર ડેપોમાંથી ૫૦૦ બસો ફાળવવામાં આવી છે. આના કારણે રવિવારે મહેસાણા અને પાટણ જિલ્લાની લોકલ બસ સેવા પ્રભાવિત થશે.

લોકલ બસ સેવા બંધ રહેવાથી ગ્રામ્ય વિસ્તારના મુસાફરોએ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડશે. આના કારણે તેમને વધુ ભાડું ચૂકવવું પડશે.

રાજ્યના તમામ વિભાગોને કાર્યક્રમના સફળ આયોજન માટે અરસપરસ સંકલનમાં રહીને કામ કરવાની સૂચના આપવામાં આવી છે.

## બકરાઓનો ચાર લેવા ઘરેથી બહાર ગયા હતા તે દરમિયાન

# મહેસાણાના સુખાપુરામાં ઘરે બાંધેલા ચાર બકરામાંથી ૨૦ હજારની કિંમતની ત્રણ બકરાની ચોરી થતાં ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મહેસાણા શહેરના સુખાપુરા વિસ્તારમાં પશુ ચોરીની ઘટના સામે આવી છે. હાજી સિંધીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાની ગાડી લઈને ડ્રાઈવિંગ માટે ગયા હતા. તે દરમિયાન તેમના પત્ની બકરાઓનો ચારો લેવા ઘરેથી બહાર ગયા હતા.

ઘરે પરત ફરતા તેમને જાણવા મળ્યું કે તેમના ઘરે બાંધેલા ચાર બકરામાંથી ત્રણની ચોરી થઈ ગઈ છે. આ ઉપરાંત તેમના પાડોશી કાળુ સિંધીના ઘરેથી પણ એક બકરો અને એક બકરીની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે.

કુલ ૨૦,૦૦૦ રૂપિયાની કિંમતના પાંચ બકરાની ચોરી અંગે



મહેસાણા બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા પશુ ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## સવારે મોબાઈલ પર મેસેજ જોતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા

# ઉપેરા ગામના યુવાન સાયબર ક્રાઈમનો ભોગ બન્યો : રૂા.૩૯ હજાર ઉપડી ગયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ઊંઝા તાલુકાના ઉપેરા ગામમાં સાયબર ઠગાઈનો એક કિસ્સો સામે આવ્યો છે. ઉપેરા ગામના રહેવાસી રાજપૂત ભરતકુમાર મહેસાણા અર્બન બેંકની ખેરવા શાખામાં ખાતું ધરાવે છે. તેમના બેંક ખાતામાંથી રાત્રે ૧૧:૨૬ કલાકે રૂપિયા ૩૯,૦૦૦ ઉપડી ગયા છે.

ભરતકુમાર અગાઉ ખેરવા ખાતે નોકરી કરતા હતા. તેમણે ત્યાં મહેસાણા અર્બન બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. ૨૧મે ૨૦૨૫ની રાત્રે તેમના ખાતામાંથી પૈસા ઉપડી ગયા છે. સવારે મોબાઈલ પર મેસેજ જોતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.

તરત જ તેમણે બેંકનો સંપર્ક કર્યો છે. બેંકે જણાવ્યું કે, કદાચ કોઈ



લિંક ખોલવાથી આવું બન્યું હોઈ શકે છે. બેંકની સલાહ પર ભરતકુમારે ઊંઝા પોલીસ સ્ટેશન અને સાયબર સેલમાં ફરિયાદ માટે અરજી કરી છે.

આ પૈસા ભરતકુમારે તેમની પુત્રીના ધોરણ ૧૨માં એડમિશન માટે બચાવ્યા હતા. પૈસા ગુમાવ્યા બાદ તેઓ ખૂબ દુખી થયા છે.

## સિવિલ અધિક્ષક ગોપીબેન પટેલના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા ગોઠવવામાં આવી

# મહેસાણાની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ગરમીથી રાહત આપવા માટે ૧૭ એર કુલર લગાવવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મહેસાણા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને મુલાકાતીઓને ગરમીથી રાહત આપવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સિવિલ અધિક્ષક ગોપીબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હોસ્પિટલમાં કુલ ૧૭ એર કુલર લગાવવામાં આવ્યા છે. દર ૧૦ મીટરના અંતરે શુદ્ધ પીવાના પાણીના જગ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, હોસ્પિટલની બિલ્ડીંગમાં કુદરતી રીતે ઠંડક જળવાઈ રહે તે માટે છત પર ભીનું કાંતન પાથરવામાં આવ્યું છે. સ્ટાફને સૂચના આપવામાં આવી છે કે તેઓ સમયાંતરે કાંતન પર પાણીનો છંટકાવ કરતા રહે. આ વ્યવસ્થાને




કારણે આકરી ગરમીમાં પણ હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને મુલાકાતીઓને કુદરતી ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.




# કાયદાની બંધારણીયતા

સંશોધિત વક્ફ કાયદા પર સુનાવણી સમયે આ કાયદાને ગેરબંધારણીય, મનમાફક સાબિત કરવા અને તેના પર વચગાળાની રોક લગાવવા પર ભાર મૂકતી દલીલો પર સુપ્રીમ કોર્ટનું એ નિષ્કર્ષ પર પહોંચવું સંતોષકારક છે કે સંસદથી પસાર કાયદા બંધારણીયતાની ધારણા પર ટકેલા હોય છે અને જ્યાં સુધી તેનો ઠોસ આધાર ન હોય કે એવું નથી, ત્યાં સુધી વચગાળાની રાહત આપવી ઠીક નથી. સુપ્રીમ કોર્ટે એ પણ ટિપ્પણી કરી કે વચગાળાની રાહત મેળવવા માટે બહુ ઠોસ અને સ્પષ્ટ આધાર રજૂ કરવો પડે. ખબર નહીં કે વક્ફ કાયદાને ગેરબંધારણીય ગણાવી રહેલો પક્ષ એવા ઠોસ અને સ્પષ્ટ આધાર રજૂ કરી શકશે કે નહીં, પરંતુ એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે તેની કોશિશ યેનકેન પ્રકારે આ કાયદાને ધરાર નકારવાની છે. તેનો સંકેત એના પરથી મળ્યો કે વક્ફ કાયદાને અયોગ્ય, ગેરબંધારણીય ગણાવવા માટે એવી પણ દલીલો કરવામાં આવી જેનો કોઈ મતલબ નથી. તે ઉપરાંત એ વિષયોથી ઈતર પણ જવાની કોશિશ કરવામાં આવી, જેને સુનાવણી માટે નક્કી કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે વિચાર માટે જે ત્રણ બિંદુ પસંદ કર્યા છે, તે છે વક્ફ સંપત્તિઓને બિનઅધિસૂચિત કરવાની પ્રક્રિયા, વક્ફ બોર્ડો અને કેન્દ્રીય વક્ફ પરિષદમાં બિનમુસ્લિમ સદસ્યોની નિયુક્તિ અને સરકારી ભૂમિને વક્ફ સંપત્તિ રૂપે વર્ગીકૃત કરવી. આ ત્રણ બિંદુઓ પર કેન્દ્ર સરકાર પહેલેથી જ એ આશ્વાસન આપી ચૂકી છે કે એના પર યથાસ્થિતિ બની રહેશે.

કહેવું મુશ્કેલ છે કે વક્ફ કાયદાની બંધારણીયતા પર વિચાર કરી રહેલી સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે કોઈ કાયદા પર કોઈ નિર્ણય તેની બંધારણીયતાની પૂરતી પરખ કરીને જ આપવો જોઈએ. એવું ક્યારેય ન થવું જોઈએ, જેવું ત્રણ કૃષિ કાયદાઓ મામલે થયું હતું. આ કાયદાઓની બંધારણીયતાની પરખ કર્યા વગર જ તેના અમલ પર રોક લગાવીને સુપ્રીમ કોર્ટે આ કાયદાના વિરોધીઓને એ જ સંદેશ આપ્યો હતો કે તેઓ સાચા છે. આ જ કારણે કૃષિ કાયદા વિરોધી આંદોલન લાંબું ખેંચાયું અને અંતે સરકારે નહિ ઈચ્છવા છતાં પણ તેને પાછા ખેંચવાનો દુર્ભાગ્ય નિર્ણય લેવો પડ્યો. વિશ્વનો કોઈ કાયદો એવો નથી હોતો, જેને પરિપૂર્ણ કહી શકાય. જો કોઈ કાયદામાં કોઈ ખામી-વિસંગતિ હોય તો તેને દૂર કરવી જોઈએ, નહિ કે આખા કાયદાને જ રદ કરી દેવો જોઈએ. સંશોધિત વક્ફ કાયદાના વિરોધી ગમે તે દાવો અને દુષ્પ્રચાર કરે, જૂનો કાયદો ખામીઓથી ભરેલો જ નહીં, વક્ફ બોર્ડોને મનમાન્યા અને દમન કરનારા અધિકાર આપનારો હતો. તેના ખબર નહીં કેટલાય એવા દંગ કરી દેનારા પુરાવા અને પીડિત લોકો છેલ્લા ત્રણ-ચાર મહિનામાં જ સામે આવ્યા, જેની અવગણના સંસદમાં ચર્ચા દરમ્યાન વિપક્ષી નેતા પણ ન કરી શક્યા.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક અને રાજ્ય સરકારના નાણા વિભાગ વચ્ચે કરાર

# ગુજરાત રાજયના પાંચ લાખથી વધુ પેન્શન ધારકોને ઘેરબેઠા જીવન પ્રમાણપત્રની સુવિધા ઉપલબ્ધ થશે

ગોંડલ,તા.૨૪

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્ન્ટ્સ બેંક અને ગુજરાત સરકારના નાણાં વિભાગ વચ્ચે થયેલ સમજૂતીથી ૫ લાખથી વધુ પેન્શનધારકોને ઘેરબેઠા જીવન પ્રમાણપત્ર માટેની સુવિધા ઉપલબ્ધ થશે જેના કારણે ગુજરાત સરકારના પેન્શનરોને જીવન પ્રમાણપત્ર માટે ધક્કા ખાવાથી મુક્તિ મળશે, નજીકની પોસ્ટ્ ઓફિસમાં કે પોસ્ટમેન મારફતે ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ બની રહ્યું છે

ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી નિવૃત્ત થયેલા પેન્શનરો માટે હવે જીવન પ્રમાણપત્ર (હયાતી) માટે વેરિફિકેશન કરાવવા માટે ટ્રેઝરી, બેંક કે અન્ય કોઈ કચેરીમાં જવાની જરૂર રહી નથી.



સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ગુજરાત સરકારના નાણાં વિભાગ અને ઈન્ડિયા પોસ્ટ્ પેમેન્ટ્સ બેંક વચ્ચે થયેલા એક સમજૂતી કરાર અંતર્ગત પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્ર ની સુવિધા ડાકઘરોમાં અથવા તેમના ઘરમાં મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ સેવાનું તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવશે.આ સેવા ૩૧ જુલાઈ સુધી મફતમાં આપવામાં આવનાર છે.

વધુમાં પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનની ડિજિટલ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો છે, પેન્શનરોને સહેલાઈથી સેવા મળી શકે. આ માટે પેન્શનરને પોતાનું આધાર નંબર, મોબાઈલ નંબર તથા પેન્શન પેમેન્ટ ઓર્ડર નંબર આપવો પડશે.

જીવન પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પુરી થયા પછી, પેન્શનરને તેમના મોબાઈલ નંબર પર પ્રમાણ આઈડી એસએમએસ દ્વારા મળી શકશે.તેમને મુસાફરી અને સમયની મુશ્કેલીમાંથી પણ મુક્તિ આપે છે. ડિજિટલ બાયોમેટ્રિક પ્રમાણિત પ્રક્રિયા દ્વારા પેન્શનરોને થોડા જ મિનિટોમાં ડિજિટલ જીવન પ્રમાણપત્ર આપવામાં આવશે.

## બેંકોના ઓછા વ્યાજ સામે મ્યુચ્યુઅલ ફંડ - શેર - સોનામાં ઠલવાતી બચત

# ગુજરાતમાં બેંક ડિપોઝીટ - વૃદ્ધિદર માત્ર ૬.૭ ટકા: છેલ્લા છ વર્ષના નીચલા સ્તરે

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં હોમલોન લેનારાની સંખ્યામાં ઘટાડાની સાથોસાથ બેંકોમાં મુકાતી થાપણનો વૃદ્ધિદર પણ ધીમો પડયો છે. ઈન્વેસ્ટરો રોકાણના અન્ય વિકલ્પો તરફ આકર્ષિત થયા હોવાથી બેંકોનો ડીપોઝીટ વૃદ્ધિદર છ માસના નીચા સ્તરે આવી ગયો છે.

અમદાવાદમાં યોજાયેલી સ્ટેટ લેવલ બેંકસ કમીટીમાં પેશ થયેલા રિપોર્ટ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૨૫માં બેંક ડીપોઝીટ વૃદ્ધિદર ૬.૭૧ ટકાના સ્તરે નીચે આવી ગયો છે તે ગત વર્ષે ૧૫.૪ ટકા હતો. ગુજરાતીઓ બેંકોમાં થાપણ મુકવાના બદલે રોકાણના અન્ય વિકલ્પો તરફ ઢળી ગયાનુ મનાય છે.

પરંપરાગત ફીકસ્ડ કે રિકરીંગ ડીપોઝીટને બદલે મ્યુચ્યુઅલ ફંડોમાં એસઆઈપી, શેરબજારમાં સીધા રોકાણ અથવા સોના-ચાંદી જેવા રોકાણ પસંદ કરવા લાગ્યા છે.



કમીટીના અધિકારીએ કહ્યું કે શેરબજારમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ધરખમ રિટર્ન મળ્યુ છે અને તેને કારણે સંપતિ સર્જન માટે લોકોની માનસિકતામાં બદલાવ છે. આ કારણે બેંક ડિપોઝીટ પર મળતા વ્યાજ તરફ કોઈ ખાસ આકર્ષણ રહ્યુ નથી.

૩૧ માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતની બંકોમાં કુલ ડિપોઝીટ ૧૩.૨૬ લાખ કરોડ હતી જે એક વર્ષ અગાઉ ૧૨.૪૨ લાખ કરોડ હતી. અર્થતંત્રના વધતા વ્યાપને ધ્યાને લેતા આ વૃદ્ધિદર સાવ મામુલી ગણી શકાય તેમ છે.

ગુજરાતમાં આ પુર્વે નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ૫.૨ ટકાનો સૌથી મામુલી ડિપોઝીટ વૃદ્ધિદર જોવાયો હતો. ખાનગી ક્ષેત્રની બેંકોમાં પણ ડિપોઝીટ વૃદ્ધિદર ઘટીને ૯.૩૬ ટકા જ રહ્યો છે.

નાણાંકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં લીકવીડીટીની સમસ્યા જોવા મળી હતી. આ સમય દરમ્યાન શેરબજારમાં મંદીરૂપી કરેકશન સર્જાતા આ સ્થિતિ સર્જાઈ હતી. આ વખતે માત્ર લોકો ફરી બેંક ડિપોઝીટ પરત પાછા વળ્યા હતા.

ખાનગી બેંકના સીનીયર અધિકારીએ કહ્યું કે, અત્યંત સુરક્ષિત રોકાણ પસંદ કરતા ઈન્વેસ્ટરો પણ અમુક અંશે બેંક ડિપોઝીટને બદલે ઉંચુ રિટર્ન આપતા સોનામાં રોકાણ કરવા તરફ આકર્ષિત થયાનુ મનાય છે.

થાપણ વૃદ્ધિદર ઘટવાની સાથોસાથ ધિરાણમાં કોઈ વધારો ન હોવાથી બેંકો પણ ચિંતામાં છે. એમએસએમઈ, કૃષિ જેવા પ્રાયોરિટી સેકટરમાં ધિરાણ દર સ્થિર અથવા ધીમો પડયો હોવાનુ જણાવ્યુ હતું.

બેઠકમાં લોકોને બેંક ડિપોઝીટ તરફ આકર્ષિત કરવા માટે રણનીતિ ઘડવાની જરૂરિયાત પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

# ભાજપ નેતાનો અશ્લીલ વીડિયો વાયરલ, હાઇવે પર કાર રોકીને મહિલા સાથે તમામ હદ પાર કરી



ભોપાલ,તા.૨૪

મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના બાની ગામના રહેવાસી ભાજપ નેતા મનોહર લાલ ધાકડનો એક વાંધાજનક વીડિયો બુધવારે સામે આવ્યો છે. આ વીડિયોમાં તે એક મહિલા સાથે ગંદી હરકતો કરતો જોવા મળે છે. આ વીડિયો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ૮ લેનનો હોવાનું કહેવાય છે. વાયરલ વીડિયો એટલો ગંદો છે કે અમે તમને તે બતાવી શકતા નથી.

ખરેખર, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આમાં મનોહર લાલ ધાકડ તેમની કાર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર રોકે છે. પહેલા એક મહિલા કપડાં વગર તે કારમાંથી બહાર આવે છે. બાદમાં ધાકડ પણ અર્ધ નગ્ન અવસ્થામાં બહાર આવે છે. રસ્તાની વચ્ચે બંને ખૂબ જ શરમજનક સ્થિતિમાં જોવા મળ્યા. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વીડિયો લેન ૮ પર લગાવવામાં આવેલા કેમેરામાં રેકોર્ડ થયો છે.

આ વીડિયો ૧૩ મે, ૨૦૨૫નો હોવાનું કહેવાય છે. જ્યારે તેમના મોબાઈલ પણ બંધ કરી દીધો છે. આ મામલે ભાજપ જિલ્લા પ્રમુખ રાજેશ દીક્ષિત કહે છે કે પાર્ટીને આવા કામ કરનારા લોકોની જરૂર નથી. ધાકડ પાર્ટીના પ્રાથમિક સભ્ય નથી. તેઓ ઓનલાઈન સભ્યો હોઈ શકે છે.

જ્યારે રાજ્ય ભાજપના પ્રવક્તા યશપાલ સિંહ સિસોદિયાને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તેમણે આ વીડિયો જોયો નથી. પણ સોશિયલ મીડિયા પર આ ચાલી રહ્યું છે.

જો કોઈ કાર્યકર એવું કામ કરી રહ્યો છે જે પક્ષના હિતમાં નથી, જેનાથી પક્ષની બદનામી થાય છે, તો પક્ષ તેની સામે ગંભીર કાર્યવાહી કરશે. પાર્ટીનું ટોચનું નેતૃત્વ ચોક્કસપણે આ અંગે પગલાં લેશે. તેમને જાણ કરવામાં આવશે. વીડિયોમાં જે સફેદ કારમાં ધાકડ દેખાઈ રહ્યા છે તેનો રજીસ્ટ્રેશન નંબર એમપી-૧૪ સીસી-૪૭૮૨ છે, જે મનોહર લાલ ધાકડના નામે રજીસ્ટર્ડ છે. ધાકડની પત્ની મંદસૌર જિલ્લા પંચાયત સભ્ય છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને ટીમ-ઈન્ડીયાની બેઠક મળી

# નીતિ આયોગની બેઠકનો ફરી બહિષ્કાર કરતા મમતા-સિદ્ધરમૈયા: કોંગ્રેસ શાસનના બે મુખ્યમંત્રીઓ હાજર

## પંજાબ-તામિલનાડુના મુખ્યમંત્રીઓએ રાજયોને વધુ ભંડોળ ફાળવવા માંગ કરી : ગુજરાત સહિત ભાજપ શાસનના તમામ સીએમ હાજર

નવી દિલ્હી: ઓપરેશન સિંદુર બાદ દિલ્હીમાં આજે પ્રથમ વખત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી નીતિ આયોગની ૧૦મી ગર્વનીંગ કાઉન્સીલની બેઠકમાં કેમ્પના મુખ્યમંત્રી શ્રી પી.વિજયન, પ.બંગાળના મુખ્યમંત્રી સુ.શ્રી મમતા બેનરજી, કર્ણાટકના સી.એમ. સિદ્ધરમૈયા અને પોંડીચેરીના મુખ્યમંત્રી એન.રંગાસ્વામી ગેરહાજર હતા.

વડાપ્રધાન શ્રી મોદીએ આ બેઠકને દેશના વિકાસમાં કેન્દ્ર અને રાજયોની ટીમ ભારત બનીને કામ કરે તેવો અનુરોધ કર્યો હતો. જો કે આ બેઠકમાં હાજરી આપવા અંગે વિપક્ષમાં પણ મતભેદો જોવા મળ્યા હતા.આજે આ બેઠકમાં તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્તાલીન ઉપરાંત પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંત માન ઉપરાંત હિમાચલના મુખ્યમંત્રી સુખરામ સહુ તથા તેલંગણાના મુખ્યમંત્રી રેવંતી રેડ્ડી હાજર હતા.

દેશમાં ભાજપના શાસનના ગુજરાત સહિતના રાજયોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત હતા. મમતા



બેનરજીએ વધુ એક વખત આ બેઠકનો બહિષ્કાર કર્યો છે. તેઓએ એવો આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ શાસનના મુખ્યમંત્રીઓને આ બેઠકમાં ભાગ્યે જ બોલવા દેવાની મંજુરી અપાઈ છે અથવા ૫-૧૦ મિનીટ જ બોલવા દેવાય છે.

જો કે કોંગ્રેસ શાસનના રાજયના હિમાચલના તથા તેલંગણાના મુખ્યમંત્રીઓએ હાજરી આપવાનો નિર્ણય લેતા આ મુદે કોંગ્રેસમાં પણ મતભેદો હોવાનું બહાર આવ્યુ છે. તામિલનાડુ અને પંજાબના મુખ્યમંત્રીઓએ રાજયોને ભંડોળ વધારવા અને તે સમયસર મળે તે માટે આગ્રહ રાખ્યો હતો. ભારત મંડપમ ખાતે યોજાયેલી આ બેઠકમાં નાણામંત્રી શ્રી નિર્મલા સીતારામ પણ હાજરી આપી રહ્યા છે.

# આપણી સેનાએ ૨૪ને બદલે ૧૨૪ આતંકવાદીઓને ઠાર કર્યા, યોગી આદિત્યનાથ

લખનૌ,તા.૨૪

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે આ એક નવું ભારત છે જે કોઈને છેડતું નથી અને જો કોઈ છેડશે તો તેને છોડતું નથી. હનુમાનજીએ પણ આ જ કામ કર્યું હતું. જ્યારે લંકામાં હનુમાનજીને રાવણ સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે રાવણે તેમને આ પ્રશ્ન પૂછ્યો કે તમે મારા પુત્ર (અક્ષય કુમાર) ને કેમ માર્યો? ત્યારે હનુમાનજીએ જવાબ આપ્યો હતો કે મેં હત્યા નથી કરી. મેં હમણાં જ જવાબ આપ્યો અને તે મરી ગયો.

મુખ્યમંત્રીએ કહ્યું કે આ ભારતીય દળો દ્વારા કરવામાં આવેલ કાર્ય હતું. તેમણે પાકિસ્તાન પર હુમલો કર્યો નહીં પરંતુ આતંકવાદના કાયર કૃત્યોનો જવાબ આપ્યો. આતંકવાદીઓએ ૨૪ નિર્દોષ ભારતીય નાગરિકોની હત્યા કરી હતી જ્યારે ભારતીય દળોએ ૧૨૪ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. શુક્રવારે અયોધ્યાના હનુમાનગઢી ખાતે હનુમાન કથા મંડપમનું ઉદ્ઘાટન કર્યા પછી મુખ્યમંત્રી યોગી સંબોધન કરી રહ્યા હતા.તેમણે કહ્યું કે પાકિસ્તાન હવે ૭૫ વર્ષ સુધી પોતાનું સંપૂર્ણ જીવન જીવી ચૂક્યું છે. હવે આનો અંત આવશે. સમય આવી ગયો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.આ શ્રેષ્ઠ સમય છે. પરિવારના કોઈ સભ્ય અથવા સંબંધી સાથે મતભેદ થઈ શકે છે.

**વૃષભ:** આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. આજે અન્ય લોકો પાસેથી અતિશય અપેક્ષાઓ ના રાખશો

**મિથુન:** આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

**કર્ક:** આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**સિંહ:** આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

**કન્યા:** આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

**તુલા:** આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

**વૃશ્ચિક:** ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

**ધન:** વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

**મકર:** આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

**કુંભ:** આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

**મીન:** આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે.

## ફિલ્મી ગપશપ

## હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં નવો ટ્રેન્ડ

# અભિનેત્રીઓની ફી ઓછી પણ પબ્લીસીટી વધારે !!

મુંબઈ,તા.૨૩

તાજેતરમાં એવા અહેવાલ પ્રગટ થયાં હતાં કે ગયાં વરસે સ્ત્રી ૨ ફિલ્મથી ૬૦૦ કરોડની ક્લબમાં પહોંચેલી શ્રદ્ધા કપૂરે એકતા કપૂર સાથે એક ફિલ્મ સાઈન કરી છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ ફિલ્મ માટે ૧૭ કરોડ રૂપિયા ચાર્જ કરીને તે બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી અભિનેત્રી બની હતી.

જો કે આ પછી તરત જ સમાચાર આવ્યા હતા કે, દીપિકા પદુકોણને એનીમલ ફેમના ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની આગામી ફિલ્મ સ્પિરિટ માટે સાઈન કરવામાં આવી છે.

સુપરસ્ટાર પ્રભાસની સામે આ ફિલ્મ માટે દીપિકા પાદુકોણને ૨૦ કરોડ રૂપિયાની ફી મળી હોવાના અહેવાલો પણ આવ્યા હતા. આ રીતે દીપિકા ફરી સૌથી વધુ ફી લેનારી બોલીવૂડની હિરોઈન બની ગઈ હતી.

પરંતુ શ્રદ્ધાને ફિલ્મ પસંદ ન પડવાનાં કારણે છોડી દીધી છે. આ બંને અભિનેત્રીઓના ચાહકો તેમની સફળતાની ઉજવણી પણ કરી શક્યા ન હતા. એવી પણ ચર્ચા હતી કે શ્રદ્ધા સૌથી વધુ કમાણી કરનારી હિરોઈન બનવા માગતી હતી, કારણ કે તેની અગાઉની ફિલ્મે સૌથી વધુ કમાણી કરી હતી.

સાથે જ બીજી ખબર પણ દીપિકાને લઈને આવી છે કે તેને ફિલ્મી સ્પિરિટમાંથી બહાર કરી દેવામાં આવી છે. સૂત્રોનું કહેવું છે કે, તેણે ૩૦ કરોડ રૂપિયા ફી અને રોજ ૬ કલાકથી વધુ શૂટિંગ માટે પ્રોડ્યુસર્સ સામે શરત રાખી હતી.

સાથે જ તેમણે પોતાનાં માટે બે ડઝન લોકોના સ્ટાફની પણ માંગણી કરી હતી. તેથી ફિલ્મના નિર્માતાઓએ તેને સાઈન કરવાનો ઈનકાર કરી દીધો હતો અને તેના બદલે જાન્હવી કપૂરને સાઈન કરી લીધી છે.

હવે આ બધા અહેવાલોમાં કેટલું સત્ય છે તે જાણી શકાયું નથી, પરંતુ એ ચોક્કસ છે કે હીરોઈનોની તગડી ફીના બહાને ફિલ્મ સર્જકોએ ખૂબ પ્રસિદ્ધિ મેળવી છે. હિન્દી સિનેમાના સુપરસ્ટાર્સ તેમની તગડી ફીને લઈને ચર્ચામાં છે.અક્ષય કુમાર જેવા સ્ટાર્સ એક ફિલ્મ દીઠ ૧૦૦ કરોડથી વધુ ચાર્જ કરે છે. આ સાથે જ ખાન સ્ટાર્સ ભારે ફી ઉપરાંત ફિલ્મના નફામાં પણ ભાગ લઈ રહ્યા છે. જો કે, કોવિડ બાદ બોક્સ ઓફિસમાં ફિલ્મોની સ્થિતિ બગડવાના કારણે તમામ મોટા સ્ટાર્સની ફી પણ ઘટી હોવાના અહેવાલો મળી રહ્યા છે.

આમ છતાં હીરોઈનોની ફી ફિલ્મ જગતમાં હંમેશા ચર્ચાનો વિષય રહી છે. એનું કારણ એ છે કે સિનેજગતમાં પુરુષ સ્ટાર્સને હંમેશાં તગડી ફી મળતી રહી છે. પરંતુ મહિલા કલાકારોને પુરુષ કલાકારો જેટલી ફી ક્યારેય મળી નથી. પરંતુ જ્યારે મહિલા કલાકારો પણ પોતાની મેળે ફિલ્મો માટે કરોડો રૂપિયાની કમાણી કરી રહી છે તો પછી નિર્માતાઓએ તેમને તગડી ફી આપવામાં કેમ સંકોચ કરવો જોઈએ.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની બેરોજગાર રત્નકલાકારો માટે સહાય પેકેજ જાહેર

# રત્નકલાકારના સંતાનની એક વર્ષની શિક્ષણ ફી ૧૩,૫૦૦ સુધીની માફ

**નાના ઉદ્યોગોને ૫ લાખની લોન પર ૯%ની ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય આપવામાં આવશે**



ગાંધીનગર,તા.૨૪

ડાયમંડ ઉદ્યોગમા છેલ્લાં ૩ વર્ષથી સૌથી લાંબી મંદી ચાલી રહી છે, મંદીના મારને કારણે અનેક રત્નકલાકારો આપઘાત કરી જીવન ટૂંકાવીયુ છે.પાછળ રત્નકલાકારોનો પરિવાર હેરાન થાય છે. ત્યારે હવે રત્નકલાકારો માટે આર્થિક સહાય પેકેજ જાહેર થયેલ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગત ૧૧ માર્ચે ઓલ ગુજરાત ડાયમંડ એસોસિયેશના હોદ્દેદારો સાથે બેઠક યોજીને રત્નકલાકારોના હિતમાં નિર્ણય લેવાની જાહેરાત કરી હતી.

આ મિટિંગના ૭૪ દિવ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પેકેજની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે રત્નકલાકારના સંતાનની એક વર્ષની શિક્ષણ ફી વધુમાં વધુ ૧૩,૫૦૦ સુધીની માફ કરવામાં આવશે. આમ, આ ફી સરકાર દ્વારા ઢ્ઢ્ મારફત ટ્રાન્સફર કરવામાં આવશે તેમજ વીજ ડયૂટીમાં એક વર્ષ માટે રાહત આપવામાં આવશે.

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી, વન-પર્યાવરણમંત્રી મુકેશ પટેલ અને શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયા આ યોજનાઓ જાહેર કરી છે. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં મંદી, યુક્રેન-રશિયા યુદ્ધ સહિતનાં કારણોને લઈને ડાયમંડ ઉદ્યોગમાં મંદી વ્યાપી ગઈ હતી, જેના કારણે અનેક રત્નકલાકારોએ આપઘાત પણ કર્યા છે, જેને લઈને રત્નકલાકારો દ્વારા પણ દેખાવો કરવામાં ૪ આવી રહ્યા હતા.

આ રાહતનો લાભ ૩૧/૦૩/૨૪ પછી કામ ન મળ્યું અને તેમને કારખામાંથી છૂટા કર્યા હોય તેમને મળશે તેમજ ૩ વર્ષ સુધી રત્નકલાકાર તરીકે કામ કર્યું હોવું જરૂરી છે.

જયારે નાના ઉદ્યોગોને ૫ લાખની લોન પર ૯%ની ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય આપવામાં આવશે. નાના ઉદ્યોગો માટે અઢી કરોડથી ઓછું રોકાણ હોય અને વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ સુધી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હોવા જોઈએ. જે એકમો ૩૧.૩.૨૦૨૫ પહેલાં ઉદ્યોગ વિભાગમાં રજિસ્ટર હોય તેને લાભ મળશે.

ગત ૩૦ અને ૩૧ માર્ચના રોજ સુરતમાં ડાયમંડ વર્કર્સ યુનિયન દ્વારા બે દિવસની હડતાળ પાડવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં કારખાનાં બંધ રાખી હીરા વેપારીઓ જોડાયા હતા. આખરે રાજ્ય સરકાર દ્વારા રત્નકલાકારો માટે વિવિધ સહાય યોજના જાહેર કરાઈ, જેમાં આર્થિક તથા શૈક્ષણિક સહિતની યોજનાઓ સંભવિત જાહેર કરવામાં આવી.

મંદીમાં બેરોજગાર થવાથી તેમજ અમુક રત્નકલાકારો ઉદ્યોગમાંથી કામ છોડીને અન્ય વેપારધંધા તરફ વળ્યા હતાં. તેમજ ૧૬ મહિનામાં ૭૧થી વધારે રત્નકલાકારોએ આત્મહત્યા કરી હતી.

'માતાનો મઢ' માસ્ટર પ્લાન અંતર્ગત આશાપુરા માતાને સુવિધાઓનો શણગાર: સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસકાર્યોનું ભુજથી કરશે ઇ-લોકાર્પણ

# મંદિર પરિસર ખાતે શ્રદ્ધાળુઓને મળશે વધુ સારી સવલતો : રૂપરાય તળાવનું સૌંદર્યીકરણ, એન્ટ્રન્સ પ્લાઝા, પાર્કિંગ સુવિધાઓ

ગાંધીનગર, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ તથા ૨૭ મેના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન ગુજરાતની આ મુલાકાત દરમિયાન પહેલા જ દિવસે એટલે કે ૨૬ મેના રોજ કચ્છના પ્રવાસે જશે અને ભુજ ખાતે આયોજિત સમારંભમાં ૫૩,૪૧૪ કરોડના કુલ ૩૩ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત તેમજ લોકાર્પણ કરશે.

વડાપ્રધાન દ્વારા જે ૩૩ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ થનાર છે, તેમાં ગુજરાતના લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનાં કેન્દ્ર માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા ધામના 'માતાનો મઢ માસ્ટર પ્લાન' હેઠળ થયેલ વિકાસકાર્યોનાં ઈ-લોકાર્પણનો પણ સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર તથા તેના હેઠળ કાર્યરત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં આવેલ સમગ્ર આશાપુરા ધામ પરિસરના નવીનીકરણ તથા પુનર્વિકાસ માટે ૩૨.૭૧ કરોડનો માસ્ટર પ્લાન અમલમાં મૂક્યો હતો, જે હવે પૂર્ણ થયો છે. આ માસ્ટર પ્લાન હેઠળ માતાનો મઢ - આશાપુરા માતા મંદિર પરિસર ખાતે શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર સમગ્ર રાજ્યમાં આવેલ યાત્રાધામોને ધાર્મિક પ્રવાસન સ્થળો તરીકે વિકસાવી રહી છે અને આ જ કડીમાં ગુજરાતના લાખો શ્રદ્ધાળુઓ જ્યાં આસ્થા ધરાવે છે, તેવા માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા મંદિર તથા આસપાસના સ્થળોનો વિકાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો.

આ વિકાસકાર્યો પૂર્ણ થતા માતાનો મઢ - આશાપુરા માતાને સુવિધાઓનો શણગાર થયો છે. માસ્ટર પ્લાન હેઠળ શ્રી આશાપુરા માતાજી મંદિર પરિસર ખાતે શ્રદ્ધાળુઓ માટે મોટાપાયે સુવિધાઓ અને સવલતો ઊભી કરવામાં આવી છે. ખાટલા ભવાની મંદિર તથા ચાચરા કુંડને નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

તો રૂપરાય તળાવનું સૌંદર્યીકરણ, એન્ટ્રન્સ પ્લાઝા, પાર્કિંગ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. યાત્રાધામ પરિસરમાં પીવાના પાણીની સુવિધા, પ્રસાધન, બેઠક વ્યવસ્થા, પ્લાન્ટેશનના કાર્યો પણ પૂર્ણ કરવામાં આવ્યા છે.

## ખાટલા ભવાની મંદિરનો વિકાસ

**માતાનો મઢ ખાતે આવેલ આશાપુરા માતા મંદિરમાં એમ તો બારેમાસ શ્રદ્ધાળુઓ આવતા હોય છે, પરંતુ નવરાત્રિ દરમિયાન અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આશાપુરા માતાના દર્શનાર્થે આવે છે. માસ્ટર પ્લાન અંતર્ગત નવરાત્રિ પહેલા આશાપુરા માતા સંકુલમાં આવનાર માઈભક્તો માટે ખાટલા ભવાની મંદિર તથા ચાચરા કુંડને નૂતન સ્વરૂપ આપવામાં આવ્યું છે.**

## જર્જરિત ચાચરા કુંડનો જીર્ણોદ્ધાર

**માતાનો મઢ ગામમાં પૌરાણિક ચાચરા કુંડ આવેલ છે, જેમાં બારેમાસ પાણી રહે છે. કુંડની આસપાસ (પરિસરની) વિશાળ જગ્યા આવેલ છે. ચાચરા કુંડ ખૂબ જ જર્જરિત હાલતમાં હતો તથા પરિસરમાં અન્ય કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ન હતી. માસ્ટર પ્લાન હેઠળ ચાચરા કુંડનો અદ્યતન લાઇટિંગ સાથે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. ચાચરા કુંડ પરિસરમાં વોક-વે, બાળ ક્રીડાંગણ, બેઠક વ્યવસ્થા જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. અહીં આવતાં પ્રવાસીઓ જાતે ભોજન બનાવીને જમી શકે, તે માટે કિચન-ડાઇનિંગ સુવિધા ઊભી કરવામાં આવી છે.**

# શ્રમિકો માટે ગુડ ન્યુઝ : કેન્દ્ર સરકાર એક ખાસ પેન્શન યોજના લાવશે, જેમાં યોગદાન નથી આપવાનું

## યોગદાનમાં સરકાર નવા નિર્માણ કાર્યમાં લેવામાં આવતા ઉપકર સેસનો ઉપયોગ કરશે: શ્રમિકના કામના સ્થળ ફેરફારથી પેન્શન બંધ નહિં થાય

નવી દિલ્હી તા,૨૪

દેશભરમાં વિભિન્ન પ્રકારનાં નિર્માણ કાર્યોમાં લાગેલા લગભગ ૬ કરોડ શ્રમિકોને કેન્દ્ર સરકાર મોટી ભેટ આપવા જઈ રહી છે. તે બધા રાજયો માટે નવી સંકલિત પેન્શન યોજના લાવવાની દિશામાં કામ કરી રહી છે.

આમા શ્રમિકોએ કોઈ યોગદાન નથી આપવાનું બલકે નિર્માણ કાર્ય પર લેવામાં આવતો ઉપકર (સેસ)ની રકમનો ઉપયોગ કરવામાં આવશે આ યોજના ગીગ વર્કની પેન્શન યોજના જેવી જ હશે. સુત્રોનું કહેવુ છે કે શ્રમ તેમજ રોજગાર મંત્રાલય પેન્શન યોજનાના ફોર્મેટ પર કામ કરી રહ્યું છે.આ યોજનાનો અસલ લાભ રાજય સરકારોનાં માધ્યમથી શ્રમિકોને મળવાનો છે એટલે યોજનામાં એવી વ્યવસ્થા કરવામાં કે રાજય સરળતાથી જોડાઈને તેને ત્યાં કામ કરી રહેલા શ્રમિકોના પેન્શનમાં યોગદાન કરી શકે.

મુખ્યત્વે બિલ્ડીંગ અને અન્ય પ્રકારના નિર્માણ કાર્યમાં લાગેલા



શ્રમિકોને યોજનાનો લાભ મળશે. તેના માટે રાજયવાર રજીસ્ટ્રેશનની વ્યવસ્થા થશે.

પેન્શન બંધ નહિં થાય

જો કેઈ શ્રમિક એક રાજય કે જીલ્લાને છોડીને બીજી જગ્યાએ જાય તો તેનું પેન્શન યોગદાન બંધ નહિં થાય, એટલે સ્થળમાં ફેરફાર થાય તો માત્ર તેણે જાણકારી આપવી પડશે.યોજનામાં લાભાન્વિત થનાર શ્રમિકોને પેન્શન સાથે જોડાયેલ એક યુનિક કોડ આપવામાં આવશે. જેથી સ્થળમાં ફેરફાર છતાં પણ પેન્શન યોગદાન તેમનાં ખાતામાં જશે.

રાજયોની પાસે અનામત ફંડ

રાજય સરકાર નિર્માણ કાર્ય પર એકથી બે ટકા વચ્ચે સેસ એટલે કે ઉપકર વસુલે છે. આ ઉપકર શ્રમિકોનાં કલ્યાણ કાર્યોની પૂર્તિ માટે જ વસુલવામાં આવે છે. વર્ષ ૨૦૦૫ બાદથી ૧.૨૦ લાખ કરોડથી વધુ રકમ ઉઘરાવાઈ છે. જેમાંથી ૭૦ હજાર ૭૦૦ કરોડ શ્રમ કલ્યાણ બોર્ડ પાસે છે. જેનો ઉપયોગ નથી થઈ રહ્યો.

# પરીપક્વતા એટલે શું..?કોઈ ઝઘડા,કોઈ નારાજગી કે ગેર સમજ ઉપર જલ્દીથી પૂર્ણ વિરામ મારી દેવાની આવડત.!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

પહેલગામ પર્યટકો પર આતંક વાદી હુમલા પછી આપણા દેશના વડા પ્રધાનની નસોમાં સિંદૂર વહે છે..આ વાત જોરશોરથી વડા પ્રધાનના ભાષણમાં સાંભળવા મળી રહી છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો

આપણે ઘણીવાર કુદરતી સંપત્તિ નું પૂજન જતન કરવાને બદલે વિનાશ કરવા તત્પર બનીએછીએ વૃક્ષારોપણ ઉછેરના બદલે વૃક્ષ છેદન વધુ થાય છે.નદીઓ પહાડો ઝરણાં તળાવો જ નહીં પશુ પક્ષી ઓને ચરવાની જગ્યા પણ હડપ કરવી અને સિમેન્ટ કોંક્રિટ જંગલો ઊભા કરવા છે. ક્યારેક સુંદરતા જોઈને રાજી થઈ એ કે તેના તરફ આકર્ષણ થઈ જાય ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાન શું કહે છે તે જોઈએ.

જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ.જગત કરતાં પણ જગ તનો સર્જનહાર સુંદર છે. લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામ સુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્ય સુંદર છે તેવું માનજો. ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે.નાથ તમને પ્રાપ્ત કરી સંસાર સુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્મા જીએ આજ્ઞા કરી છે, તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી.મારે ઘરમાં સત્સંગ જોઈએ છે.સ્ત્રી સંગએ કામસંગ નહીંપણ સત્સંગ છે.ધર્મમાં આચરણ માટે પત્ની છું એટલે તો પત્નીને ધર્મ પત્ની કહી છે.એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતા નથી.એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસારસાગર પાર કરી શકે નહીં. સ્ત્રીએ નાવડી અને પુરુષએ નાવિક છે.એકને બીજાનો સાથ જોઈએ.પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ. વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે.પુરુષએ જ્ઞાનસ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરેછે.સ્ત્રીએ ક્રિયાશક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે,કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી કર્દમે વિચાર્યું કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે,તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે,તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી. ભગવાને કહ્યું,બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી



દેવહુતિ તમને આપશે હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ જગતને મારે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રી હરિ ત્યાંથી વિદાય થયા. પતિ-પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે, હું તેમને ત્યાં જન્મ લઉં. નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુમહારાજ,શતરૂપા અને દેવહુતિ સાથે કર્દમઋષિના આશ્રમમાં આવે છે.કર્દમ વિવેકથી દેવહુતિની પરીક્ષા કરે છે.કર્દમ ઋષિએ ત્રણ આસનો બિછાવ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે. મનુ,શત રૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી કર્દમે કહ્યું આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!દેવ હુતિએ વિચાર કર્યો કે,ભવિષ્ય માં આ મારા પતિ થવાના છે. પતિએ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસનની બાજુમાં બેસે છે.

બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે.આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે.કર્દમ વિચારે છે,છોકરીછે તો લાયક,લગ્ન કરવામાં હરકત નથી મનુમહારાજે કહ્યું,આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યોછું કર્દમઋષિ બોલે છે,લગ્ન કરવાની મને ઈચ્છા છે.લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે.કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ. કન્યા દાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે,સંતતિઓ માટે એવું નથીલખ્યું માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મ પુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે.પિતા પુત્રને કહે છે,તું મારો આત્મા છે. એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે.કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે. તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે. લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. કારણ બધા જાણે છે કે, લગ્ન કર્યા પછીએ સાવધ રહેવાનો નથી લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યો અથવાજે પહેલાસાવધાન થયો તે જીત્યો.રામદાસ સ્વામી લગ્ન પહેલાં સાવધાન થયા હતા. લગ્ન મંડપમાં ગોર મહારાજ સાવધાન બોલવા લાગ્યા, એટલે રામદાસ સ્વામી સાવધ થઈ ગયા અને લગ્ન મંડપમાંથી ભાગી ગયા. ભોગ વગર રોગ થાય નહીં. કેટલાક રોગ પૂર્વ જન્મના પાપથી થાય છે. ત્યારે કેટલાક રોગ આ જન્મના ભોગ- વિલાસથી થાય છે.ભોગ ભોગવવામાં રોગોનો ભય છે જ. ભોગ વધે એટલે આયુષ્યનો ક્ષય થાય છે. ભોગો ભોગવાતા નથી. આપણે જ ભોગવાઈ જઈએ છીએ.ઘર સંસાર બગડયો ત્યાર થી કે જ્યારથી વરરાજા મોટરમાં બેસવા લાગ્યા. હાલના વરરાજાને ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે.અલ્યા એક ઘોડો તને પાડી નાંખશે તો અગિયાર ઘોડા તારી શું દશા કરશે?એક ઘોડાને તું સાચવી શકે નહીં તો અગિયાર ઘોડાઓને કેમ કરી સાચવશે? આ અગિયાર ઘોડા એ અગિયાર ઈન્દ્રિયો છે.

કર્દમઋષિએ આદર્શ બતાવ્યો છે. તેઓ કહે છે કે, મારું લગ્ન એક સતપુત્રને માટે છે.તે પછી હું સંન્યાસ લઈશ. આ મારો નિયમ તમારી કન્યાને માન્ય હોય તો લગ્ન કરું.મનુમહારાજ વિચારમાં પડી ગયા કે, આ તો પરણતાં પહેલાં જ સંન્યાસની વાત કરે છે.પણ દેવ હુતિ સાધારણ સ્ત્રી ન હતી. તેણે કહ્યું,મારે એવા પતિની જરૂર છે.દેવહુતિ એટલે દેવને બોલાવ નારી શક્તિ.નિષ્કામ બુદ્ધિદેવને બોલાવી શકે છે.

મનુમહારાજે વિધિપૂર્વક કન્યાનું દાન કર્યું. દેવહુતિ-કર્દમનાં લગ્ન થયાં. દેવહુતિ-કર્દમ આશ્રમમાં વિરાજ્યાં. મારા પતિ તપસ્વી છે તો મારે પણ તપસ્વિની બનવું જોઈએ. બાર વર્ષ એક જ ઘરમાં સંયમથી રહ્યાં છે.અગિયારસો વર્ષ ઉપર દક્ષિણ દેશમાં વાચ સ્પતિ મિશ્ર નામના એક ઋષિ થઈ ગયા. ષડ્ગાસ્ત્રો ઉપર તેમણે ટીકાઓ લખી છે. તેમની ટીકાઓ પ્રખ્યાત છે.ગ્રંથો લખે અને આખો દિવસ તપશ્ચર્યા કરે, લગ્ન થયેલું પછી છત્રીસ વર્ષ સુધી જાણતા ન હતા કે મારી પત્ની કોણ છે?

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ભગવદ્ ગીતા જ્ઞાનમાં સુંદરતા વિશે થોડું જાણવા પ્રયત્ન કર્યો બાકી હવામાન બદલાય કે સરહદે ધડાકા થાય તો નવાઈ ન પામતા કારણ કે કુદરત અને રાજકારણ નો તાગ પામવો બહુ કઠીન છે આ વાત આપ સૌ સારી રીતે સમજો જ છો.. આજે આપણે અહીં અટકીએ બસ અસ્તુ.

## ચોમાસા પહેલાં સાબરકાંઠા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનની તૈયારી

# ૧૭૪ નદી કિનારાના ગામો અને ૧૬૭ ડિપો પર વિશેષ નજર, દર બે કલાકે સ્થિતિનો રિપોર્ટ લેવાશે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસા પહેલાં આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા કલેકટર લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં હિંમતનગર કલેકટર કચેરીમાં પ્રિ-મોન્સૂન આયોજન બેઠક યોજાઈ હતી.




કલેકટરે તમામ તાલુકા મામલતદારોને તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન, ચીફ ઓફિસરોને સિટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને ર્ડીને વિલેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અપડેટ કરવા સૂચના આપી છે. સિંચાઈ વિભાગને દર બે કલાકે વાયરલેસ દ્વારા સ્થિતિની જાણકારી આપવાનું કહેવામાં આવ્યું છે.

પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં કોઝવે પર પાણીની ઊંડાઈ દર્શાવતા બોર્ડ મૂકવામાં આવશે. નેશનલ અને સ્ટેટ હાઈવે પરથી મોટા વૃક્ષોની ડાળીઓ કાપવા, હોર્ડિંગ્સ હટાવવા અને વીજ પોલની તપાસ કરવાની સૂચના આપવામાં આવી છે.

જિલ્લાના ૧૭૪ નદી કિનારાના ગામો અને ૧૬૭ ડિપો પર વિશેષ નજર રખાશે. દરેક ગામમાંથી ૧૦ વ્યક્તિઓની સંપર્ક સૂચી તૈયાર કરવામાં આવશે. મત્સ્યોદ્યોગ વિભાગ બોટની અદ્યતન માહિતી પૂરી પાડશે. તળાવોની સ્થિતિ, પાળાનું રિપેરિંગ અને તરવૈયાઓની યાદી તૈયાર રખાશે. નગરપાલિકાઓના ફાયર બ્રિગેડને આપદામિત્રો સાથે ક્વિક રિસ્પોન્સ ટીમ બનાવવા સૂચના આપવામાં આવી છે. ચોમાસા પહેલાં દરેક તાલુકામાં લાયઝન અધિકારી દ્વારા મોકડ્રિલ યોજાશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, નિવાસી અધિક કલેકટર કિષ્ના વાઘેલા, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને ચીફ ઓફિસરો હાજર રહ્યા હતા.

## બનાસકાંઠા સરહદે શંકાસ્પદ પાક. ઘુસણખોર ઠાર

# ઓપરેશન સિંદુર બાદ ગુજરાતની સીમામાં ઘુસણખોરીનો પ્રથમ પ્રયાસ

**સીમા ઓળંગી ભારતમાં ઘુસવા માંગતા શખ્સને શરણે થવા અપાયેલી ચેતવણી અવગણતા બીએસએફએ ઠાર માર્યોઃ ઓળખ મેળવવા તૈયારીઃ દળ વધુ સતર્ક**

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

ઓપરેશન સિંદુરના પગલે દેશમાં પાક દ્વારા ઘૂસણખોરી અને જાસૂસી પ્રવૃતિ વધતા તેની સામે દેશભરમાં એકશન લેવાઈ રહ્યા છે. તેમાં ગુજરાતમાં બનાસકાંઠામાં પાક સાથેની સરહદ પર ઘુસણખોરીનો પ્રયાસ કરનાર એક શંકાસ્પદ પાકિસ્તાનીને બીએસએફએ ઠાર માર્યા છે. આ શખ્સને ભારતીય સીમામાં પ્રવેશતા જોવા મળતા જ તેને પડકારવામાં આવ્યો હતો પણ તેણે બીએસએફની ચેતવણીને અવગણી હતી અને આગળ વધતા અંતે તેને ઠાર મારવામાં આવ્યો હતો.



આ રીતે ઓપરેશન સિંદુર સમયે જે રીતે કચ્છ સીમા પર ભૂજ-નલીયા સહિતના એરબેઝ પર પાકના ડ્રોન-મિસાઈલ હુમલા મારી હટાવાયા હતા તે બાદ સરહદ પર બીએસએફ સાબદુ થઈ ગયુ હતું અને સીમા પર સતત નજર રાખવામાં આવી રહી છે.

આ ક્ષેત્રમાં ભારત-પાક સરહદ ખુલ્લી છે અને અવારનવાર પાકમાંથી ઘૂસણખોરી-માદક દ્રવ્યો વિ. ઘુસાડવાના પ્રયાસ થાય છે તથા કયારેક કોઈ ભૂલથી પણ સીમા પાર કરીને ઘુસી જાય છે જેને ઝડપી લેવાય છે. આ જે માર્યા ગયેલા શખ્સને પણ જીવતો પકડવા શરણે આવવા જણાવ્યુ હતું પણ તેણે બીએસએફની ચેતવણીને ગણકારી ન હતી અને અંતે તેને ઠાર મારવાની ફરજ પડી છે. હવે તેની ઓળખ પ્રસ્તાપિત કરીને તેની પાસેથી શંકાસ્પદ કંઈ મળ્યુ હોવા અંગે હજું બીએસએફએ જાહેર કર્યુ નથી પણ આ ક્ષેત્રમાં હવે પેટ્રોલીંગ વધારી દેવાયુ છે.

## કૂવામાં પડેલ ગૌ માતા ને હેમખેમ બહાર કાઢી ને રાહતનો શ્વાસ લીધો હતો

# સો ફૂટ ઊંડા કુવામાં ગાય પડી જતાં મહાકાલ સેના દ્વારા રેસ્ક્યૂ કરી બહાર કાઢવામાં આવી

(ગરવી તાકાત) કાંકરેજ તા.૨૪

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના મહાકાલ સેના પ્રમુખ શૈલેન્દ્રસિંહ વાઘેલા પોતે શ્રી જોગમાયા ગૌ શાળા ચલાવે છે અને સાથેસાથે જીવદયા પ્રેમી પણ છે ત્યારે વડા ગામમાં એક ગૌ માતા ખેતરમાં ચારો ચરી રહી હતી.



જેમાં બાજુમાં આવેલ એક અવાવરુ કુવામાં ખાબકી હતી ત્યારે બાજુના ખેતરના માલિક જોઈ જતાં બુમાબુમ કરીને તાત્કાલિક અસરથી મહાકાલ સેના પ્રમુખ શૈલેન્દ્રસિંહ વાઘેલા ને ફોન કર્યો હતો જેમાં શૈલેદ્રસિહ પોતાની ટીમ દ્વારા તાત્કાલિક ધટના સ્થળે પહોંચ્યા હતા અને રસ્સી વડે લાકડું બાંધીને પોતાના જીવના જોખમે કુવામાં ઉતર્યા હતા અને આ સો ફૂટ ઉંડા કૂવામાંથી ગૌ માતા ને હેમખેમ બચાવી લેવામાં આવી હતી અને બહાર કાઢી હતી જોકે અત્યારે લોકો ગરમીમાં એસી રૂમમાં અને પંખા વિના નથી રહી શકતા એટલી ભયાનક રીતે ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ થઈ જાય છે ત્યારે આ રાજપૂત યુવાનો બનાસકાંઠા જિલ્લા મહાકાલ સેના પ્રમુખ શૈલેન્દ્રસિંહ વાઘેલા સાથે દશુભા વાઘેલા. અભરૂભા વાઘેલા. ભુરુભા વાઘેલા સહિત ગૌ સેવા માટે પોતાના જીવના જોખમે કુવામાં ઉતરીને ગૌ માતા નો જીવ બચાવ્યો હતો એટલે આ છે સાચી સેવા .એક કહેવત છે કે× જેના માથા પડે અને એનાં ધડ લડે×એવા આજે કાંકરેજ તાલુકાના વડા જાગીરદાર રાજપૂત સમાજના યુવાનો છે જેઓ માત્ર કલાકો નહી પરંતુ મિનિટોમાં ગૌ સેવા માટે હરહંમેશ તત્પર રહીને એક સાચા રાજપૂત અને શૂરવીર જેવા સામાજિક અને ધાર્મિક કાર્યો કરે છે એ અભિનંદનને પાત્ર છે.આમ કાંકરેજ તાલુકાના વડા ગામમાં આવેલા એક ખેતરના કૂવામાં પડેલ ગૌ માતા ને હેમખેમ બહાર કાઢી ને રાહતનો શ્વાસ લીધો હતો

## ડાંગીયાના મૃતક દંપતિના પરિવારને ૮ લાખની સહાય

# અકસ્માતમાં મૃત્યુ પામેલા દંપતિના પુત્રને ધારાસભ્ય માવજી દેસાઈના હસ્તે ચેક અર્પણ

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

દાંતીવાડા તાલુકાના ડાંગીયા ગામના બ્રાહ્મણ દંપતિના માર્ગ અકસ્માતમાં મૃત્યુ બાદ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આઠ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે. ગત ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રાજેન્દ્રકુમાર ભાનુપ્રસાદ જોષી અને તેમના પત્ની મંજુલાબેન મોટરસાયકલ પર સામાજિક પ્રસંગે દાંતીવાડા જઈ રહ્યા હતા. ડાંગીયા ગામ નજીક અકસ્માત થતાં બંનેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.




ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી દરેક મૃતક દીઠ ચાર લાખ રૂપિયા એમ કુલ આઠ લાખની સહાય મંજૂર કરવામાં આવી. શુક્રવારે ધારાસભ્ય માવજી દેસાઈએ મૃતક દંપતિના પુત્ર દુષ્યંતકુમાર જોષીને સહાયનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે મામલતદાર વિરમાભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી પિયુષભાઈ પાયઘોડે, સરપંચ જાવેદખાન ઘાસુરા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરમાં ૮ વર્ષથી બની રહેલો ઓવરબ્રિજ પૂર્ણતાના આરે

# મોતીપુરા નેશનલ હાઈવે પર ૧ કિમી લાંબો ઓવરબ્રિજ જૂનમાં કાર્યરત થશે

હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે ૪૮ પર આઠ વર્ષથી અધૂરો પડેલો ઓવરબ્રિજ હવે પૂર્ણતાના આરે છે. નવા સાંસદની ચૂંટાયા બાદ માત્ર આઠ મહિનામાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવા જઈ રહ્યો છે.



આજે સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભનાબેન બારૈયા અને હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલાએ સ્થળની મુલાકાત લીધી. જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ સહિત પાર્ટીના અન્ય હોદ્દેદારો પણ આ મુલાકાત દરમિયાન હાજર રહ્યા.

૧૧૬૩ મીટર લાંબો અને ૨૫ મીટર પહોળો આ ઓવરબ્રિજ અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર આવેલો છે. સાંસદે જૂન માસ સુધીમાં તમામ અધૂરા ઓવરબ્રિજને કાર્યરત કરવાનું અલ્ટીમેટમ આપ્યું છે.આઠ વર્ષ પહેલા શરૂ થયેલા આ પ્રોજેક્ટમાં બ્રિજના બંને છેડાનું કામ

**સાંસદે જૂન માસ સુધીમાં તમામ અધૂરા ઓવરબ્રિજને કાર્યરત કરવાનું અલ્ટીમેટમ આપ્યું છે.આઠ વર્ષ પહેલા શરૂ થયેલા આ પ્રોજેક્ટમાં બ્રિજના બંને છેડાનું કામ અધૂરું મૂકવામાં આવ્યું હતું.**

અધૂરું મૂકવામાં આવ્યું હતું. સાંસદ શોભનાબેન બારૈયાએ ચૂંટણી જીત્યા બાદ એક વર્ષમાં જ આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો હતો.

ભવિષ્યમાં મોતીપુરા વિસ્તારને વધુ સુંદર બનાવવાની યોજના છે. નેશનલ હાઈવે, રાજ્ય સરકાર અને પાલિકા દ્વારા રોડ-રસ્તા અને બાગ-બગીચાનું નિર્માણ કરાશે. જૂન મહિનામાં ઓવરબ્રિજ શરૂ થયા બાદ સહકારી જીનથી GIDC સુધી RCC રોડ બનાવવામાં આવશે. આનાથી વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે.

# હિંમતનગર એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે ૨ લાખથી વધુના ૧૧ ગુમ થયેલા મોબાઈલ શોધી માલિકોને સોંપ્યા

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશને પ્રજા સાથેનો સેતુ મજબૂત કર્યો છે. પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૧૧ ગુમ થયેલા મોબાઈલ ફોન તેમના માલિકોને પરત કર્યા છે.

જિલ્લા પોલીસ વડા વિજય પટેલ અને વિભાગીય પોલીસ અધીક્ષક એ.કે.પટેલના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી." પી.એમ.ચૌધરીની સૂચના મુજબ, વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવામાં આવ્યા. આ મોબાઈલની કુલ કિંમત રૂ.૨,૦૬,૪૭૬ છે.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ અને માનવીય માહિતીનો ઉપયોગ કરીને મોબાઈલ શોધી કાઢ્યા.

જેમાં લક્ષ્મણભાઈ પરમાર, રમેશભાઈ મનસાણી, જયરાજસિંહ ઝાલા, આકાશભાઈ થોરી અને જનકકુમાર પટેલનો સમાવેશ થાય છે.



**પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ અને માનવીય માહિતીનો ઉપયોગ કરીને મોબાઈલ શોધી કાઢ્યા.**

વધુમાં ગોપાલસિંહ મકવાણા, ઈશાન રાવલ, છાયાબેન સુથાર, દીપકકુમાર જેસવાણી, હર્ષિતાદાસ અને ગજેન્દ્રસિંહ મકવાણાને પણ તેમના ગુમ થયેલા મોબાઈલ પરત કરવામાં આવ્યા. આ કામગીરીથી પોલીસે એકવાર ફરી સાબિત કર્યું કે તેઓ ખરેખર પ્રજાના મિત્ર છે.

# સંક્ષિપ્ત સમાચાર

## શિક્ષિકા-વિદ્યાર્થી બાદ સુરતમાં ૧૯ વર્ષની યુવતી ૧૭ વર્ષના સગીર સાથે ભાગી ગઈ!

સુરત,તા.૨૪

તાજેતરમાં જ સુરતની શિક્ષિકા સગીર વયના વિદ્યાર્થીને ભગાડી લઈ જવાનો કિસ્સો ચગ્યો હતો. ત્યારે હવે સુરતની ૧૯ વર્ષીય યુવતી ૧૭ વર્ષના કિશોરને ભગાડીને લઈ ગયાનો કિસ્સો બન્યો છે.

સુરતના લીંબાયતમાં વધુ એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. ૧૯ વર્ષની યુવતી ૧૭ વર્ષના કિશોરને ભગાડી લઈ ગઈ હતી. યુવતી કિશોરને ભગાડી ઉજ્જૈન લઈ ગઈ હતી. ત્યાંથી બંને જણા જલગાઉં રોકાયા હતા. એટલું જ નહિ, કિશોર પોતાની સાથે તેના ઘરેથી ૨૫ હજાર પણ લઈ ગયો હતો. બન્યું એમ હતુ કે, ૧૯ વર્ષીય યુવતી અને ૧૭ વર્ષીય સગીર બંને લીંબાયતમાં એક જ સોસાયટીમાં રહેતા હોવાથી આંખ મળી હતી. બંને ઘરેથી ભાગ્યાને ૫૦ દિવસ થઈ ગયા હતા. ઘરેથી ભાગીને ૫૦ દિવસ સુધી બંને બહાર રહ્યા હતા.

કિશોરના માતા પિતાએ લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. માતાપિતાની ફરિયાદ બાદ પોલીસે બંને જણાને શોધી કાઢ્યા હતા. બંને જણા જલગાંવથી ઝડપાયા હતા. જ્યાં પોલીસે યુવતી વિરુદ્ધ પોક્સો એક્ટ ગુનો નોંધી યુવતીની ધરપકડ કરી છે.

## સુરેન્દ્રનગર : અમદાવાદ-રાજકોટ હાઈવે પરથી ૧.31 કરોડના દારૂના જથ્થા સાથે ૧.૬૧ કરોડનો મુદ્દામાલ કબ્જે

સુરેન્દ્રનગર,તા.૨૪

સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને માહિતી મળી હતી કે સુરેન્દ્રનગરના અમદાવાદ રાજકોટ હાઈવે પર વસ્ચાડી ગામ, બૂટભવાની પેટ્રોલ પંપ પાસેથી દારૂ ભરેલી ટ્રક પસાર થવાની છે. જેને આધારે પોલીસે અહીં જાળ બિછાવી ટ્રક અટકાવીને તપાસ કરી હતી. જેમાં ટ્રકમાંથી રૂ. ૧,૩૧,૧૩,૯૪૩ની કિંમતની ૨૪,૬૩૦ દારૂની બોટલોઅને ટીન, ટ્રક અને રોકડ રકમ મળીને કુલ રૂ. ૧,૬૧,૨૬,૦૫૩નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં પોલીસે રાજસ્થાનના ટ્રક ડ્રાઈવર ચુતરારામ એ. જાટ અને ક્લીનર માંગીલાલ ટી. સાઉની ધરપકડ કરી હતી. જ્યારે પંજાબથી દારૂનો જથ્થો મોકલનારા અનિલ પંડ્યા, પંજાબથી દારૂ ભરી આપનાર અજાણ્યો શખ્સ તથા કચ્છ મુંદ્રા ખાતે દારૂનો જથ્થો મંગાવનારા શખ્સ સહિત ત્રણ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધીને તેમની શોધ હાધ ધરી છે.

## સરહદી વિસ્તારના યુવકની સફળતા

## દૈયપ ઢાણીના ખેડૂત પુત્રે હાઈકોર્ટ આસિસ્ટન્ટ અને VMC ક્લાર્કની પરીક્ષામાં મેળવી સફળતા

(ગરવી તાકાત) વાવ તા.૨૪

સરહદી વિસ્તારના દૈયપ ઢાણી ગામના એક યુવકે શિક્ષણ અને કારકિર્દી ક્ષેત્રે નોંધપાત્ર સફળતા મેળવી છે. તેમણે પ્રાથમિક શિક્ષણ કતારગામ સુરત અને દૈયપ ઢાણીમાંથી મેળવ્યું. ત્યારબાદ ઉન્નતિ વિદ્યાલય સાણવાલ અને સરકારી માધ્યમિક શાળા દૈયપમાં અભ્યાસ કર્યો.



યુવકે શ્રી ગાયત્રી વિદ્યાલય થરાદમાંથી સાયન્સ બી ગ્રુપમાં ધોરણ ૧૧-૧૨ પૂર્ણ કર્યા. એ.પી.ત્રિવેદી આર્ટ્સ કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ખોરડામાંથી કેમિસ્ટ્રીમાં બી.એસ.સી.ની પદવી મેળવી.

૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન તેમણે વિવિધ સરકારી ભરતી પરીક્ષાઓમાં ભાગ લીધો. પોલીસ ભરતી અને બિનસચિવાલય ક્લાર્ક ભરતીમાં પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરી, પરંતુ ફાઈનલ મેરિટમાં સ્થાન મેળવી શક્યા નહીં. PGVCL આસિસ્ટન્ટ, સિનિયર ક્લાર્ક, ATDO અને હેડક્લાર્કની પરીક્ષાઓમાં પણ પ્રયત્ન કર્યો.

૨૦૨૪માં તેમની મહેનત રંગ લાવી અને VMC જુનિયર ક્લાર્ક અને હાઈકોર્ટ આસિસ્ટન્ટની પરીક્ષામાં સફળતા મેળવી. તેમના નાના ભાઈ મુકેશભાઈ માવજીભાઈ ગુજરાત પોલીસમાં ભુજ-નલિયા ખાતે ફરજ બજાવે છે. તેમના પિતા માવાભાઈ ચમનાજી દૂધ મંડળીમાં સેવા આપે છે.

(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી, વાવ)

## પટનામાં સગીર છોકરી સાથે ગંદુ કામ કરાયું, બિહાર પોલીસે તપાસ શરૂ કરી

પટણા,તા.૨૪

પટનામાં એક સગીર છોકરી પર સામૂહિક બળાત્કાર થયો છે. એક ષડયંત્રના ભાગ રૂપે, રાક્ષસોએ પહેલા તેણીને દારૂ પીવડાવ્યો અને પછી એક પછી એક તેની સાથે ગંદા કાર્યો કર્યા. આ ઘટના દિઘા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલસન રોડ નંબર ૪ પર આવેલી શુભ સેશન હોટેલમાં બની હતી. હવે યુવતીએ ન્યાય માટે પોલીસ પાસે અરજી કરી છે.

પીડિતાએ જણાવ્યું કે કેટલાક યુવાનો મને લલચાવીને હોટલના રૂમમાં લઈ ગયા. યુવાનોએ પહેલા મને દારૂ પીવડાવ્યો અને પછી એક પછી એક મારા પર બળાત્કાર ગુજાર્યો. પીડિતાનો આરોપ છે કે હોટલ મેનેજમેન્ટે કોઈ ઓળખપત્ર વિના યુવાનોને રૂમ આપ્યો હતો. આ ઘટનામાં હોટલ માલિક પણ સામેલ હતો.

પીડિતાએ કહ્યું કે જ્યારે મને ભાન આવ્યું ત્યારે હું ચોંકી ગઈ. મારી દુનિયા લૂંટાઈ ગઈ હતી. આ પછી હોટલ સ્ટાફને આ ઘટનાની જાણ કરવામાં આવી. હોટલના સ્ટાફે સ્થાનિક પોલીસને જાણ કરી. પોલીસ તાત્કાલિક હોટલ પહોંચી અને પીડિતાની પૂછપરછ કરી, ત્યારબાદ તેને મેડિકલ તપાસ માટે મોકલવામાં આવી. આ કેસમાં, દિઘા પોલીસ સ્ટેશનના એસએચઓ સંતોષ સિંહે જણાવ્યું હતું કે ફરિયાદ ડાયલ ૧૧૨ પર કરવામાં આવી હતી, ત્યારબાદ પોલીસે આ મામલાને ગંભીરતાથી લીધો હતો. પોલીસે એક હોટલ કર્મચારીની અટકાયત કરી છે અને અન્ય આરોપીઓની શોધ કરી રહી છે.

Volume : 11 Issue : 41 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002